જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૭/૧/૧૪ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૬૩/૧૪**

## ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓની સુચનાથી તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચની દોરવણી હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પો.સ.ઇ.તરલ ભટ્ટ અને તેમના સ્ટાફે અમદાવાદ શહેર વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે મીલન ઉર્ફે ચોટી S/o મોહનભાઇ સોલંકી, ઉવ.૨૨, રહેવાસી ઃ બબા પટેલની ચાલી, ઉત્તમનગર, મણીનગર, અમદાવાદ શહેર, ના ને પ્લાસ્ટીકના કોથળામા ચાંદીના જુદા જુદા દાગીના સાથે માણેક ચોકમા વેચવા જતા પકડી લીધેલ છે. જેની પાસેના દાગીના જેમા મંદિરમા રાખવામા આવતા ચાંદીના દાગીના (૧) પારણું જે ઝુલા અને સ્ટેન્ડ સાથેનુ (૨) ઝુમ્મર (છત્ર) નંગ-૧ (૩) મંદિરના દિવા નંગ-૩ (૪) ઘુઘરા નંગ-૩ (૫) ચાંદીની થાળી નંગ-૨ (૬) કટોરી નંગ-૪ (૭) ગાય વાછડા જેવી જોડી નંગ-૨ (૮) કંકાવટી નંગ-૨ (૯) કળશ નંગ-૧ (૧૦) ચાંદીનો જગ નંગ-૧, (૧૧) આચમન લેવાની ચમચી નંગ-૧ (૧૨) ચમચી નંગ-૧ (૧૩) ચાંદી ની ચુસણી નંગ-૧ (૧૪) ચાંદીની ઘંટડી નંગ-૧ (૧૫) અગરબત્તીનુ સ્ટેન્ડ નંગ-૧ (૧૬) ચાંદીનો દડો નંગ-૧ (૧૭) ચાંદીનુ કાન મેલીયુ નંગ-૧ (૧૮) ચાંદીનુ કમંડળ ચાર ખાનાવાળુ નંગ-૧ મળી અઢી કિલોગ્રામથી વધુ વજનના કિંમત રુા.૨,૫૦,૦૦૦/- ના દાગીના કબ્જે કરેલ છે. મજકુર આરોપીની પુછપરછમા આ દાગીના તેણે મણીનગર, ઉત્તમનગર બગીચા પાસે આવેલ એક મકાનમાંથી રાતના સમયે પાછળના દરવાજાથી ઘુસીને ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

**<u>મજકુર આરોપીએ તેની પુછપરછમા નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાનુ જણાવેલ છે.</u>**

(૧) આજથી એકાદ વર્ષ પહેલા મણીનગર હીરાભાઇ ટાવરથી કાંસ તરફ જતા રસ્તા ઉપર આવેલ શીવ કોમ્પલેક્ષની સામે આવેલ મુકેશ સ્ટીલ ફર્નિચરની તીજોરીની દુકાનમાંથી ઇલેકટ્રીક મોટરની ચોરી કરેલ હતી.

(૨) આજથી એકાદ વર્ષ પહેલા શીવ કોમ્પલેક્ષની સામે ખુશાલભાઇનુ સાયકલની દુકાન આવેલ છે તેમાંથી મેં રુા.૧૦૦૦/- રોકડા અને તેની બાજુમા આવેલ અક્ષર ઓટો કેર નામનુ રાકેશભાઇનુ ગેરેજ આવેલ છૈ જેમા રાત્રે ગેરેજનુ પતરુ પાછળના દરવાજાથી તોડી દુકાનમા પ્રવેશી રોકડા રુા.૧૦૦૦/- નુ પરચુરણ ચોરેલ હતુ.

(૩) આજથી એક વર્ષ પહેલા શીવ કોમ્પલેક્ષની સામે આવેલ વરદાન ઘડીયાળની દુકાનમાં રાતના સમયે એકાદ વાગ્યે દુકાનનુ છતનુ પતરુ તોડી દુકાનમા પ્રવેશી રોકડા રુા.૫૦૦૦/- બાઇકની એક બેટરી અને એલ્યુમીનીયમના બાઇકમા ટાયરની રીંગમા વપરાતા ટીનની ચોરી કરેલ હતી.

(૪) આજથી એકાદ વર્ષ પહેલા બબા પટેલની ચાલીમા બબા પટેલની ચાલીમા રહેતા ભૈયાજી ના મકાનનુ તાળુ તોડી મકાનમા પ્રવેશી એક સોનાની ચેઇન, એક સોનાની વીંટી, ચોરી કરેલ હતી.

(૫) એકાદ વર્ષ પહેલા મારા મકાનની બાજુના મકાનમા રહેતા બાબુ બારોટના મકાનમાં તાળુ તોડી તીજોરીમાંથી સોનાનો હાર, સોનાની ચેઇન અને સોનાનુ મંગળસુત્ર અને સોનાની એક વીંટી તથા રોકડા રુા.૧૦,૦૦૦/- ની મેં ચોરી કરેલ હતી.

(૬) આજથી એકાદ માસ પહેલા ઉત્તમનગર બગીચા પાછળ આવેલ ખોડીયાર માતાના મંદિર પાસેથી એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર ગાડી ચોરી કરેલ અને દસેક દિવસ સુધી ચલાવેલ અને તે પછી મણીનગર વિસ્તારમાં જ કોઇક જગ્યાએ મુકી દીધેલ હતી.

**<u>મજકુર આરોપી નીચે મુજબના ગુનામા અગાઉ પકડાઇ ચુકેલ છે.</u>**

(૧) આજથી બે વર્ષ પહેલા મણીનગર, યુએસ પીઝા પાછળ આવેલ ફલેટમાંથી એક હીરો પેશન બાઇક ચોરી કરેલ, જે વખતે મણીનગર પો.સ્ટે.પકડવામા આવેલ હતો જે કેસમા સાત મહિના સુધી જેલમા રહેલ હતો.

(૨) સને ૨૦૧૧ મા મારા મારીના કેસમા ઇસનપુર પોલીસ સ્ટેશનમા પકડાયેલ હતો. તેમજ આ વખતે ઇસનપુરમા એક દુકાનનુ શટર તોડી તેમા પ્રવેશી પ્લાસ્ટીકની ડોલ અને મો.ફોન વિગેરે ચોરી કરવાના કેસમા પણ પકડાયેલ છે.

**એલીસબ્રીજ પો.સ્ટે.:-**

એલીસબ્રીજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં-૧૧/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૬૪(ક), ૩૬૫, ૩૬૮, ૧૧૪ તથા મની લેન્ડીંગ એકટ કલમ ૩૩ મુબના કામના ફરિયાદી તેજશકુમાર ભરતભાઇ રાવલ, ઉ.વ-૩૫, રહે: ગામ-મહુન્દ્રા, ચિલોડા ગામ પાસે, તા.જી-ગાંધીનગરનાઓની ફરિયાદના કામે હકીકત એવી છે કે આ કામના ફરિયાદીએ આ કામના આરોપીઓ વિંષ્ણુભાઇ રઘાભાઇ રબારી રહે: ગામ- મોટા ઇસનપુર તા.જી-ગાંધીનગર તથા તેનો ભાગીદાર કાનજીભાઇ ગાભાભાઇ દેસાઇ રહે: ગામ ચેખલાપગી તા.જી-ગાંધીનગરનાઓ પાસેથી ફૂલ રકમ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- લીધેલા અને તેના આરોપીઓ દર ૨૦ દિવસે ૧૩% લેખે વ્યાજ વસુલ કરતા હતા અને ફરિયાદી આ રકમ આપી નહી શકતા તેઓને આરોપીઓ તથા તેઓન મળતીયા માણસોએ ભેગા મળી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા અને અગાઉ તા: ૦૩/૧૦/૨૦૧૩ ના રોજ આ કામના ફરિયાદીને આરોપીઓ અપહરણ કરીને લઇ ગયેલ અને ૧૭ દીવસ સુધી અલગ અલગ જ્ગ્યાએ ગાંધી રાખેલ અને ત્યારબાદ ફરિયાદી ભાગી આવેલ અને ત્યારથી આરોપીઓની બીકના કારણે અલગ અલગ જ્ગ્યાએ રહેતા હતા અને તા:૦૧/૦૧/૨૦૧૪ થી ફરિયાદી પાલડી ખાતે આવેલ કૈલાસ એપાર્ટમેન્ટમાં રહેતા હતા અને તા:૧૪/૦૧/૨૦૧૪ ના રોજ ૧૨/૩૦ વાગે આ કામના આરોપીઓ ફોર્ડ ફીગો કાર નં GJ-9-BA-1802 ની લઇ આવેલ અને ફરિયાદીનુ અપહરણ કરી લઇ ગયેલ અને ગાંધીનગર ઇન્ફોસીટી ખાતે લઇ જઇ આરોપી વિષ્ણુના મામા વાસુભાઇ દેસાઇનાઓએ ફરિયાદીને ડીસમીસ ભોંકીને જમણા હાથના બાવડા તેમજ છાતીના જમણા ભાગે તેમજ પેટ ઉપર તેમજ જમણા પગની સાથળ તથા ઢીંચણ ઉપર ઇજાઓ કરેલ અને જો નાણા નહી આપે તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ફરિયાદીને એક રાત નિકોલ રોડ ઉપર કોઇ જગ્યાએ ગોંધી રાખેલ અને આ બાબતે ફરિની સાળીએ જાણ કરતા પોલીસના માણસોએ છટકુ ગોઠવી આરોપી (૧) વિંષ્ણુભાઇ રઘાભાઇ દેસાઇ ઉ.વ-૨૮ રહે: ગામ- મોટા ઇસનપુર તા.જી-ગાંધીનગર (૨) કાનજીભાઇ ગાભાભાઇ દેસાઇ ઉ.વ-૨૪ રહે: ગામ- ચેખલા તા.જી-ગાંધીનગર (૩) ભરતભાઇ સાકાભાઇ રબારી ઉ.વ-૨૬ રહે: ગામ-હાલીસા તા- દહેગામ જી-ગાંધીનગર (૪) રાજેન્દ્રકુમાર મહાદેવભાઇ રબારી ઉ.વ-૨૩ રહે: માતાની મુવાડી ગામ-લવાડ તા- દહેગામ જી-ગાંધીનગર (૫) વિજયભાઇ શાહરભાઇ દેસાઇ

ઉ.વ-૨૩ રહે: ખોડિયાર નગર વિભાગ-૨ નોબલનગર અમદાવાદનાઓને એ.એસ.આઇ. ઉપેન્દ્રસિંહ ફતેસિંહ બ.નં. ૭૦૨૨ તથા સ્ટાફના માણસો (૧) પો.કો. ભાવેશકુમાર વિષ્ણુપ્રસાદ બ.નં. ૯૬૨૨ તથા (૨) પો.કો. યાદવેન્દ્રસિંહ પોપટભા બ.નં ૪૩૩૭ તથા (૩) પો.કો. ભરતસિંહ ધીરુભા બ.નં ૬૩૩૬ તથા (૪) એલ.આર. ભરતગીરી પ્રતાપગીરી બ.નં. ૭૦૫ તથા (૫) એલ.આર. ગનાભાઇ ચંદુભાઇ બ.નં ૧૨૩૦ તથા (૬) એલ.આર. જયદીપસિંહ રાજુભા બ.નં ૨૭૨૮ તથા (૭) એલ.આર. વિજય અંબારામ બ.નં ૮૫૦ નાઓ સાથે મોટા ચિલોડા ખાતે સુર્યા પેલેસ હોટલ ખાતે છટકુ ગોઠવી પકડી લીધેલ અને તા:૦૬/૦૧/૨૦૧૪ ના કલાક ૦૩/૦૦ વાગે અટક કરવામાં આવેલ છે

**સાબરમતી પો.સ્ટે.:-**

સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.241/2013 ધી ઈ.પી.કો. કલમ-363 મુજબના કામના ફરીયાદીશ્રી વ્રજનંદન S/O નાથુરામ અયોધ્યાપ્રસાદ શર્મા (ઉ.વ.40)(રહેવાસી,મ.નં.63,ન્યુ સરસ્વતી નગર, શીવ કેદાર ફ્લેટની બાજુમાં, ન્યુ રાણીપ, સાબરમતી. મુળ વતન ગામ :પરીયાયા પોસ્ટ:બીજોરા થાના: સુરૂપુરા તા.અટેર જી.ભીંડ, મધ્યપ્રદેશ) નાઓની ફરીયાદના કામમાં ગઈ તા.29/12/2013 ના સ.ક.11/30 વાગ્યા ના સુમારે ફરી.નો દિકરો બદ્રીવિશાલ ઉર્ફે વિશાલ ઉ.વ.15 વર્ષ 8 માસ નાનો ગઈ તા.28/12/2013 નારોજ ભણવા બાબતે તેમજ પૈસા બાબતે તેની માતાએ ઠપકો આપતા મનમાં લાગી આવતા ઘરે કોઈને કંઈ જાણ કર્યા વગર ઘરેથી જતો રહેલ અને તેની તપાસમાં હતા દરમ્યાન તા.4/1/2014 ના ક.11/30 વાગ્યાના સુમારે ચાંદલોડીયા તળાવ કિનારે આવેલ વેરાઈ માતાના મંદીર પાસેથી મળી આવેલ હોય અને જે સગીર વયના છોકરાને શોધવા સારૂ સાબરમતી સિનીયર પો.ઇ.વી.આર.પટેલ અને સ્ટાફનાં માણસો હે.કો.શ્રી વિક્રમસિંહ માનસિંહ બ.નં.8159, હે.કો. શ્રી દિલીપસિંહ સેતાનસિંહ બ.નં.5003, એલ.આર.ડી.શ્રી કિશોરસિંહ લક્ષ્મણસિંહ બ.નં.757 નાઓએ ફરીયાદી સાથે રહી ચાંદલોડીયા તથા ન્યુ રાણીપ વિસ્તારમાં સતત શોધખોળ કરી ખંતપુર્વક તપાસ કરતા ગુમ થનાર છોકરો પરત મળી આવતા તેના માતાપિતાને સોંપવામાં આવેલ છે

**નરોડા પો.સ્ટે. :-**

નરોડા પો.સ્ટે. જા.જાગ.નં.૦૩/૧૪ સી.આર.પી.સી.૪૧(૧)ડી મુજબના કામે પો.સ.ઇ.શ્રી.કે.એચ.જાડેજા સાહેબ તથા પો.કો.રૂદ્રદતસિંહ તથા પોકો.અનિકેતભાઇ તથા પોકો.મહીપાલભાઇ તેમજ હે.કો.જગદીશભાઇ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ગેલેક્ષી ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો.રૂદ્રદતસિંહ તથા પોકો.અનિકેતભાઇ નાઓને બાતમી મળેલ કે અજય શાહ નામનો

માણસ ઓટોરીક્ષા જીજે.૧.સીવાય.૮૧૪ નંબરની રીક્ષા લઇ નિકળનાર છે. સદરી પાસે બિલ કે કાગળો નથી. ઉપરોક્ત ઓટો રીક્ષા ની વોચમાં હાજર હતા દરમ્યાન ઉપરોક્ત રીક્ષા આવતા જણાયેલ જેને રોકી નામ ઠામ પુછતા (૧) અજય પ્રદિપભાઇ શાહ ઉવ.૨૯ ધધો ડ્રાઇવીગ રહે ધિયાની ખડકી જૈન દેરાસર પાછળ નરોડા ગામ નરોડા અમદાવાદ શહેર હોવાનુ જણાવેલ સદરી પાસે સી.એન.જી.ઓટો રીક્ષા જોતા જી.જે.૧.સીવાય ૮૧૪ લખેલ છે  જે રીક્ષા નુ બીલ કે આરસીબુક કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને આ રીક્ષા પોતે સરદારનગર ખાતે સંતોષીનગર તીરભા રામ સોસાયટી પાસે થી ચોરી કરેલ હોય તથા રીક્ષામાં બીજા ત્રણ ઇસમો બેઠેલ જેઓના નામ સતિશભાઇ શિવાભાઇ રહે અમરનાથ એસ્ટેટ અંબિકા ડેરી સામે નરોડા ગામ નરોડા તથા સુનિલ ઉર્ફે સુનીયો રાજુભાઇ ધારસીભાઇ ઠાકોર રહે ગણપતિના મંદિર પાછળ સુતરના કારખાને નરોડા અમદાવાદ તથા વિપુલભાઇ ડીમ્પારાજા જાની રહે ૧૩૭ ધર્મનાથ પ્રભુ સોસાયટી આદિશ્વર સોસાયટી નરોડા હોવાનુ જણાવેલ અને રીક્ષાના પગ મુકવાના તથા પાછળની ડેકી માંથી અલગ અલગ કપનીના કુલ્લે દશ ટાયરો મળી આવેલા અને એક ટાયરની કિ,૧૨૦૦લેખે દશ ટાયરની કિ,૧૨,૦૦૦/ તથા રીક્ષાની કિ,રુ.૭૫૦૦૦/ ગણી તપાસ અર્થે કબજે લિધેલ અને કાયદેસરની કાર્યવાહી કરેલ અને ચાર આરોપી વિરૂધ્ધ સી.આર.પીસી.૪૧(૧)ડી મુજબ કાયેદેસર કરી સરદારનગર પો.સ્ટે.ફસ્ટ.૦૪/૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી મુદ્દામાલ સી.એન.જી..રીક્ષા જીજે.૧.સીવાય.૨૮૧૪ કિ,રુ.૭૫૦૦૦/ નો રીકવર કરી સારી કામગીરી કરેલ છે. બિજા ત્રણ આરોપીઓ અમદાવાદ શહેરના શાહીબાગ, નરોડા, સરદારનગર વિસ્તારમાથી કુલ દસ જેટલા ટાયરની ચોરી કરેલાનુ કબુલાત કરેલ છે.

<u>વટવા પો.સ્ટે. :-</u>

વટવા પોલીસ સ્ટેશન સ્ટેશન જાણવા જોગ નંબર ૦૬/૨૦૧૪ સ્ટે.ડા. એન્ટ્રી નંબર ૨૬/૨૦૧૪ તા.૬.૧.૨૦૧૪ ના કલાક ૧૯.૨૦ વાગ્યાના કામે હકીકત એવી છે કે તા.૬.૧.૨૦૧૪ ના રોજ અત્રેના પોલીસ સ્ટેશનના અ.હે.કોન્સ મહેશભાઇ પૂજાભાઇ બ.નં.૭૯૨૪ તથા અ.હેકોન્સ નરેન્દ્રસિંહ ખુમાનસિંહ તથા પો.કો મહેશકુમાર પ્રવિણદાન બ.નં.૩૦૫૫ તથા પો.કો. ઇકબાલ અબ્દુલ કરીમ બ.નં.૯૫૨૯ તથા પો.કો ત્રિભુવનસિંહ ખુમાનસિંહ બ.ન.૯૭૨૩ તથા પો.કો વિજયસિંહ પર્વતસિંહ બ.નં.૯૭૬૨ તથા પો.કો જયેશકુમાર રામજીભાઇ બ.નં.૩૦૪૬ તથા અ.લોકરક્ષક અબ્દુલલતીફ દિનમંહમદ બ.નં.૯૪૪ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કલાક ૧૯/૦૦ વાગે પુનિત નગર ક્રોસીંગ આવતાં સામેથી એક ઇસમ આવતાં તેનુ નામ ઠામ પુછતાં બાલીયા વદલે ખડકે ઉ.વ.૧૯ રહે, ગામ ઠાકુર પાડા પો.થાણુ કલ્યાણ પાડા તા.થાણા જી- રાયગઢ મહારાષ્ટ્ર નાઓને બે નાઇટીના ટ્રાઉઝર કિ.રૂ.૫૦૦/- તથા ચાર નંગ શર્ટ કિ.રૂ.૧૦૦૦/- તથા પ્લાસ્ટિકનુ

બોક્ષ જેમાં કુલ્લે ૮૭૦૩/- ક્રિસ્ટીયલ ડેનીયલ ડેનીયલ કંપનીનુ ઘડિયાળ કિ.રૂ.૧૦૦૦/- ચાંદીના દાગીના કિ.રૂ.૨૦૦૦/- તથા ચાંદીની પાયલ કિ.રૂ.૧૦૦૦/- નો મળી કુલ્લે રૂ.૧૬,૨૦૩/- ના મુદ્દામાલ વિશે પુછતાં કોઇ સંતોષ કારક જવાબ ન આપતાં કોઇ જગ્યાએથી ચોરી અગર તો છલકપટથી મેળવેલ હોવાનો શંક વહેમ હોય જેથી તમામ મુદ્દામાલ પંચનામા વિગતે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૬.૧.૨૦૧૪ ના કલાક ૧૮/૫૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.અને સદર મુદ્દામાલ અંગે આરોપીઓની પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.